| PUBLICATION NAME : | Gujarat Karobar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 21/04/24 |
| PAGE : | 2 |



# EDII પોતાનો ૪૨મો સ્થાપના દિવસ સેલિબ્રેટ કર્યો

અમદાવાદ,

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા **(EDII)**, અમદાવાદ એ શનિવારે ૨૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ સંસ્થાના કેમ્પસમાં પોતાનો ૪૨મો સ્થાપના દિવસ સેલિબ્રેટ કર્યો. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે મેઘાલય સરકારના સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડના એક્ઝિક્યુટિવ ચેરમેન તેમજ **EDII** બોર્ડના સભ્ય **IAS** શ્રી રામ મોહન મિશ્રા તેમજ અન્ય મહાનુભાવોમાં **EDII** ગવર્નિંગ બોર્ડના સભ્ય અને ભૂતપૂર્વ ચેરમેન તેમજ **SIDBI**ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ડૉ. શૈલેન્દ્ર નારાયણ, ગુજરાત યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર ડૉ. રાજુલ કે ગજ્જર, **EDII** ડાયરેક્ટર જનરલ ડૉ.



સુનિલ શુક્લા તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન **EDII**ના ડિરેક્ટર ડૉ. સત્ય રંજન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે શ્રી રામ મોહન મિશ્રાએ કહ્યું કે, ‘‘ઉદ્યોગ સાહસ એક ચળવળથી ઓછું નથી અને **EDII** એ આ ચળવળની પહેલ કરી છે. આજે આપણે બધા એક નવા યુગના પ્રારંભને જોઈ રહ્યા છીએ. વિશ્વ આજે ઉદ્યોગસાહસિકતાની ક્ષમતાને ઓળખતું થયું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ મોટા પાયે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપી રહી છે. આ ઉપરાંત તમામ સ્ટાર્ટ અપને ખૂબ સપોર્ટ મળી રહ્યો છે. ભારત નવીન, સ્ટાર્ટ-અપ ઓરિએન્ટેડને વિકસિત કરવા માટે મજબૂત જ્ઞાન, નીતિ અને સહાયક માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહ્યું છે.